INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org • E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૮-૦૮-૨૦૨૩

રાજ્યમાં નગરપાલિકાની પેટા ચૂંટણીના આશાસ્પદ પરિણામ અંગે પત્રકારો સાથે વાતચીત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહે જણાવ્યું હતું કે, નગરપાલિકાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ વિજય થયો છે. રાજ્યમાં ૧૮ નગરપાલિકાની ૨૯ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસ પક્ષનો એટલે કે ૯ બેઠક પર વિજય થયો છે. આઠ બેઠકો અને એક બેઠક પર કોંગ્રેસ પ્રેરીત ઉમેદવારનો વિજય થયો છે. યોજાયેલ **પેટા ચૂંટણીઓ પૈકી કોંગ્રેસ પાસે માત્ર પાંચ જ બેઠકો હતી જે વધીને નવ બની** છે અને **એક બેઠક માત્ર બે મતથી જ અને બીજી એક બેઠક માત્ર ચાર મતે જ કોંગ્રેસે ગુમાવી** છે. સુરત શહેરની મહાનગરપાલિકામાં પણ એક બેઠકની ચૂંટણીમાં બધાજ મિત્રોએ સરસ મહેનત કરી અને મતોની ટકાવારી ખુબ ઊંચી આવી છે.

હંમેશા એવું જોવાતુ હોય છે કે પેટા ચૂંટણીમાં સત્તા ધારી પક્ષની જીત થતી હોય છે પણ આ વખતે કંઈક અલગ જોવા મળી રહ્યો છે અને જનતાએ નાની ચૂંટણીમાં પણ ભાજપા સરકારની નિતીઓ ખાસ કરીને મોંઘવારી, બેરોજગારી સહિતના મુદ્દાઓથી ત્રસ્ત થઈને મતદાન કર્યું છે, જે પરિણામોમાં ઊડીને આંખે વળગે છે. ભાજપના પ્રદેશ પ્રમુખ જે મત વિસ્તારમાં છે ત્યાં માત્ર ૨૩ ટકા મતદાન થયું હતું જે દર્શાવે છે કે જનતા ભાજપા શાસકોના વચન-વાયદાથી ત્રસ્ત થઈ નિરાશાજનક મતદાન જોવા મળ્યું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને રાજ્યસભાના સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે નગરપાલિકાઓની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ માટે ઉત્સાહ વર્ધક પરિણામો આપવા બદલ તમામ સુજ્ઞ મતદાતાઓનો હાર્દિક આભાર માન્યો હતો અને કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓ તથા આગેવાનોએ ખુબ જ સારી મહેનત કરી તે અભિનંદનને પાત્ર છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | વોર્ડ નંબર | બેઠક | અગાઉ ક્યા પક્ષની હતી | કોંગ્રેસ પક્ષની જીત |
|---|---|---|---|---|---|
| 1. | પાલીતાણા | 1 | 1 | ભાજપ | કોંગ્રેસ |
| 2. | | | 2 | ભાજપ | કોંગ્રેસ |
| 3. | | | 3 | ભાજપ | કોંગ્રેસ |
| 4. | જંબુસર | 7 | 1 | ભાજપ | કોંગ્રેસ |
| 5. | આમોદ | 6 | 1 | ભાજપ | અપક્ષ (કોંગ્રેસ પ્રેરીત) |
| 6. | ડીસા | 9 | 1 | અપક્ષ | કોંગ્રેસ |
| 7. | પાલનપુર | 4 | 1 | કોંગ્રેસ | કોંગ્રેસ |
| 8. | મોડાસા | 7 | 1 | મીમ | કોંગ્રેસ |
| 9. | આણંદ | 5 | 1 | અપક્ષ | કોંગ્રેસ |

(ડૉ. મનિષ એમ. દોશી)
કન્વીનર અને પ્રવક્તા